### સરકારી આરોગ્ય કેન્દ્ર નજીક દુર્ગંધ મારતો મૃતદેહ

# બાયડ તાલુકાના જીતપુરમાં લમ્પી રોગથી મૃત્યુ પામેલ ગાયનો ૬ દિવસથી રઝળતો મૃતદેહ

### તિવ્ર દુર્ગંધ મારતાં સ્થાનિક રહીશો પોલીસ સ્ટેશનમાં અરજી આપી

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૧૨

બાયડ તાલુકાના જીતપુરમાં લમ્પીના રોગથી મૃત્યુ પામેલી ગાયની ૬ દિવસથી રઝળતા મૃતદેહથી દુર્ગંધ પ્રસરી રહી છે છતાં મૃત પશુનો નિકાલ ન કરાતાં સ્થાનિક રહીશે આંબલિયારા પોલીસને લેખિત ફરિયાદ આપી છે. જ્યારે જીતપુર સામૂહીક આરોગ્ય કેન્દ્ર પાછળ દુર્ગંધ મારતો મૃતદેહ હોવા છતાં તંત્રએ પણ કોઈ કાર્યવાહી ન કરતાં અનેક રહીશોમાં રોષ જોવા મળી રહ્યો છે.

**અરજી મળી છે — બીટ જમાદાર**

**જીતપુર બીટ જમાદાર ઈશ્વરસિંહે જણાવ્યું કે લમ્પીગ્રસ્ત ગાયનો મૃતદેહ રઝળતાં દુર્ગંધ ફેલાઈ હોવાની અરજી અમને મળી છે. મૃત ગાયનો યોગ્ય રીતે નિકાલ કરવા માટે માલધારી પરિવારને જાણ કરવામાં આવી છે.**

આ અંગે મળતી વિગતો અનુસાર જીતપુર ગામના દિનેશભાઈ મંગળભાઈ પટેલના ઘરની સામે બળદેવભાઈ રાજાભાઈ દેસાઈની લમ્પીગ્રસ્ત રોગથી મૃત્યુ પામેલી ગાયનો મૃતદેહ છેલ્લા ૬ દિવસથી રઝળી રહ્યો છે અને દુર્ગંધ મારતો મૃતદેહ હટાવવા માટે કહેવામાં આવે તો અપશબ્દો બોલી માર મારવાની ધમકી આપે છે. છેલ્લા ૬ દિવસથી દુર્ગંધ મારતા મૃતદેહના કારણે માથું ફાડી નાખે તેવી ગંધથી રહીશો અને નજીકના દુકાનદારો ત્રાહીમામ પોકારી ઉઠયા છે. જ્યારે સરકારી આરોગ્ય કેન્દ્રમાં સારવાર માટે આવતા દર્દીઓને પણ નાક બંધ કરીને સારવાર લેવી પડે તેવી નોબત આવી છે. ચેપી રોગથી મૃત્યુ પામેલા પશુનો તાત્કાલિક નિકાલ કરવાનો હોય છે તેના બદલે દિવસો ના દિવસો સુધી મૃતદેહ સબડતો હોવાથી અન્ય પશુઓમાં પણ રોગચાળો વકરવાની દહેશત સેવાઈ રહી



### દિવાળીના તહેવાર ઉપર મોંઘવારીનું ગ્રહણ

# જિલ્લામાં દિવાળી પહેલાં ફટાકડાના ભાવમાં ૩૦ થી ૫ ટકા સુધીનો વધારો

### કાચી સામગ્રીના ભાવ વધતાં ફટાકડાના ભાવ ઉંચકાયા

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૧૨

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં દિવાળીના તહેવારને આડે ગણતરીના દિવસ બાકી રહ્યા છે ત્યારે આ વખતે દિવાળી પહેલાં ફટાકડાના ભાવમાં સરેરાશ ૩૦ થી ૫ ટકા સુધીનો વધારો ઝીંકાયો છે. કાચી સામગ્રીના ભાવ વધતાં ફટાકડાના ભાવ ઉંચકાયા હોવાનું વેપારીઓ જણાવી રહ્યા છે. જિલ્લામાં એક પછી એક ફટાકડાના સ્ટોલ શરુ થયા પરંતુ શીવાકાશીમાં કાચી સામગ્રીના ભાવ વધવાની સાથે જિલ્લામાં ફટાકડાનો સ્ટોક ઓછો આવતો હોવાથી સીધી અસર ભાવ ઉપર દેખાઈ છે.

દેશમાં સૌથી વધુ ફટાકડાનું ઉત્પાદન શીવાકાશીમાં થઈ રહ્યું છે પરંતુ આ વખતે સુપ્રિમ કોર્ટની ગાઈડલાઈન અને કેટલાક સરકારી નિયમોના કારણે



ફટાકડાના ઉત્પાદનને અસર થઈ છે. જ્યારે રાજ્યમાં ફટાકડાનું ઉત્પાદન વધુ પ્રમાણમાં થતું નથી. જેથી રાજ્ય સહિત જિલ્લામાં હાલ શીવાકાશીથી ફટાકડાનો પૂરતો સ્ટોક હોલસેલ વેપારીઓ સુધી પહોંચ્યો ન હોવાથી જિલ્લામાં દિવાળીના તહેવાર પહેલાં જ ભાવમાં ૫ ટકા સુધીનો વધારો જોવા મળ્યો છે. ફટાકડાના વેપારીઓનું માનીએ તો આ વખતે ફૂલજરી, તારામંડર, મીરચી બોમ્બ, ફલાવરસ્પોર્ટ, ચક્કરડી, ચકલી ટોટા, સૂતળીબોમ્બ તેમજ રોકેટ સહિતની ફટાકડાની વિવિધ વેરાયટીમાં ભાવ વધ્યા છે. જિલ્લામાં નવરાત્રિ પછી તહેવારોની શરુ થયેલી શૃંખલામાં આગામી દિવાળીનો પ્રજામાં જબરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે પરંતુ ફટાકડામાં મોંઘવારીમાં ધડાકો કર્યો છે. જો કે જિલ્લાની પ્રજા ઉત્સવપ્રિય હોવાના કારણે ફટાકડા ગમે તેટલા મોંઘા થાય તો પણ દિવાળીએ ફટાકડાની આતશબાજી નક્કી છે.

### નહીં નફો-નહીં નુકસાનના ધોરણે વેચાણ કરાશે

# હિંમતનગરમાં મનોદિવ્યાંગ બાળકોએ ૨૦૦૦ દિવડા તૈયાર કર્યા : ઉદ્યોગ શિક્ષિકાની મહેનત રંગ લાવી

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૧૨

ઘરમાં પોતાનાં સંતાનોને સાચવવાં મુશ્કેલ છે ત્યારે સાબરકાંઠા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત માનસિક દિવ્યાંગ સંસ્થા-હિંમતનગર દ્વારા મનોદિવ્યાંગ બાળકોને વિશેષ તાલીમ આપી દિપાવલી નિમિત્તે ૨૦૦૦ દિવડા તૈયાર કર્યા છે કે નહીં નફો, નહીં નુકસાનના ધોરણે વેચાણ કરાશે. મહિલા ઉદ્યોગ શિક્ષિકાની લાંબા સમયની મહેનત રંગ લાવી છે. શણગારેલા દિવડામાંથી દેખાતો પ્રકાશ રાત્રે વધુ દૈદિપ્યમાન લાગશે.

- પ્રાપ્ત જાણકારી અનુસાર મનોદિવ્યાંગ લોકો અને બાળકોની જાળવણી કરવી અત્યંત કઠીન છે. આવી સંસ્થાઓની મુલાકાત લેનારા અનેક લોકોના હૃદય પરીવર્તન થયાની ઘટનાઓમાં વધારો થઈ રહ્યો છે. ત્યારે હિંમતનગર સ્થિત મનોદિવ્યાંગ સંસ્થાના બાળકો સતત પ્રવૃત્તિશીલ રહે અને પગભર બને તેમજ ભવિષ્યમાં પોતાને જરૂરી એવા ખર્ચ નિકાળી શકે તે માટે શિક્ષણની સાથે ઉદ્યોગ તાલીમ આપવામાં આવે છે. સંસ્થાના વહીવટી સંચાલક જીતુભાઈ પટેલે જણાવ્યું કે ૧૮



વર્ષથી ઉપરની વયના બાળકોને વિવિધ વસ્તુઓનું નિર્માણ કરવા માટે ખાસ પ્રેરણા આપવામાં આવી. ઉદ્યોગ શિક્ષિકા જીજ્ઞાબેન મહેતાએ શિક્ષણની સાથે મનોદિવ્યાંગ બાળકો આર્થિક પગભર કેવી રીતે બને તેનો ઉકેલ શોધી કાઢ્યો અને તેમને શણગારેલા દિવડામાંથી રેલાતા પ્રકાશ અંગે સમજ આપી દિવડાનું નિર્માણ કરવા માં પ્રેરણા આપી અને સાચા દિલથી કરવામાં આવેલું કામ સફળ રહે છે તે ઉતિ અનુસાર મહેનત રંગ લાવી. દિવાળી નિમિત્તે મનોદિવ્યાંગ બાળકોએ ૨૦૦૦ જેટલા દિવડા તૈયાર કર્યા છે અને તેનું નહીં નફો-નહીં નુકસાનના ધોરણે વેચાણ કરવામાં આવશે. જ્યારે દિવડા ઉપરાંત ઝુમ્મર, ફૂલના બુકે, તોરણ, કવર, રાખડીઓ બનાવવી તથા શીવણ વગેરેની પણ વિશેષ તાલીમ આપવામાં આવી રહી છે. મનોદિવ્યાંગ બાળકોને હૂંફની સાથે આર્થિક રીતે તેઓ મોટા થઈને પગભર બને તેના પ્રયાસો સરાહનીય રીતે થઈ રહ્યા

# સાબરકાંઠાનું ગૌરવ : વિપુલ પટેલની એ.આઈ.સી.ટી.ઈ. બોર્ડમાં સલાહકાર તરીકે નિયુક્તિ

### કેન્દ્રના શિક્ષણ વિભાગ દ્વારા નિમણૂંક અપાઈ

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૧૨

હિંમતનગર તાલુકાના કરણપુર ગામના વિપુલકુમાર રમેશભાઈ પટેલની કેન્દ્રના શિક્ષણ વિભાગ દ્વારા આગામી ૩ વર્ષ માટે એ.આઈ.સી.ટી.ઈ. બોર્ડમાં સલાહકાર તરીકે નિયુક્તિ કરાતાં સમગ્ર ઉત્તર ગુજરાતમાં ખુશાલી જોવા મળી છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર અનેકવિધ સેવાકીય ક્ષેત્રોની સાથે સંકળાયેલા શિક્ષણવિદ વિપુલકુમાર પટેલની ભારત સરકારના મિનિસ્ટ્રી



ઓફ કન્ઝ્યુમર અફેર ફૂડ એન્ડ પબ્લિકમાં રાજ્ય ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડીયામાં સભ્ય તરીકે પસંદગી કરવામાં આવેલી છે. તદ્ઉપરાંત જેમની સરાહનીય કામગીરીની નોંધ લઈ અન્ય સરકારના વિભાગોમાં પણ સલાહકાર તરીકે નિયુક્તિ થઈ છે. તાજેતરમાં જ ભારતના શિક્ષણ વિભાગ દ્વારા એ.આઈ.સી.ટી.ઈ. બોર્ડમાં સલાહકાર તરીકે ૩ વર્ષ માટે નિયુક્તિ કરાતાં હિંમતનગર શહેર સહિત સમગ્ર જિલ્લાના આગેવાનો અને કેળવણીકારોએ તેમને અભિનંદન પાઠવ્યા હતા.

### રાજસ્થાનના રોઇટથી અમદાવાદ કતલખાને લઇ જવાતા હતા

# પાલનપુર હાઈવે પરથી ૧૩૭૮ ઘેટાં-બકરા ભરેલી ૫ ટ્રકો ઝડપાઈ : ૨૪ ઘેટાં-બકરાઓના ટ્રકમાં મોત

પાલનપુર તા.૧૨

પાલનપુર આરટીઓ સર્કલે સોમવારે રાત્રે ઘેટા- બકરા ભરીને અમદાવાદ જઇ રહેલી પાંચ ટ્રકોને જીવદયાપ્રેમીઓએ પોલીસની મદદથી ઝડપી લીધી હતી. જેમાં ૧૩૭૮ ઘેટા-બકરાને બચાવી લેવાયા હતા. ૨૪ ઘેટા-બકરાના ટ્રકોમાં જ મોત થયા હતા. આ અંગે ટ્રક ચાલકો સામે ગૂનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.



લાખણી રામનગરના જીવદયાપ્રેમી દિનેશભાઇ અમરાભાઇ ઠાકોર, રમેશભાઇ જેઠવા, થરાના દેવ જગાણી, ડીસાના મયુરભાઇ રમેશભાઇ શાહ, પાલનપુરના સુરેશભાઇ રામાજી રબારી, રાહુભાઇ વિજયભાઇ જૈને પોલીસની મદદથી પાલનપુર આરટીઓ સર્કલ નજીક પસાર થઇ રહેલી પાંચ ટ્રકોને રોકાવી હતી. જેમાં ટ્રક નં. જીજે. ૧૨. બીવાય. ૮૦૯૫માંથી ૨૮૯ (૧૧ મરણ) ઘેટા - બકરાં, ટ્રક નં. જીજે. ૨૪. એક્સ ૮૨૮૫માં ૨૬૦ (૪ મરણ), ટ્રક નં. જીજે. ૨૪. વી. ૭૭૦૨માં ૩૦૩ (૧ મરણ), ટ્રક નં. જીજે. ૨૪. વી. ૮૬૮૬માં ૨૭ (૪ મરણ) અને ટ્રક નં. જીજે. ૨૪. વી. ૯૧૮૮માં ૨૭૬ ( ૩ મરણ) ઘેટા બકરાં ભરેલા મળી આવ્યા હતા. પોલીસે ટ્રક ચાલકો સિધ્ધપુરના ચાંદેસરનો મુનીરભાઇ ઈમામભાઇ શેખ, સિધ્ધપુરના વાઘણાનો અમીરૂદ્દીન મયુદ્દીન નાગોરી, નાશીરખાન મીસરીખાન સિપાઇ, અરશદભાઇ ઇદ્રિશભાઇ મીરઝા અને ૮૨૨૫ના ટ્રક ચાલક સામે પશુ કૃરતા નિવારણ અધિનિયમ મુજબ ગૂનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

**ઘેટા- બકરાં અમદાવાદ કતલખાને લઇ જવાતા હતા**

રાજસ્થાનના રોઇટથી ઘેટા - બકરાં ટ્રકમાં ભરવામાં આવ્યા હતા. જે અમદાવાદ કતલખાને લઈ જવામાં આવતા હતા. જીદદયાપ્રેમી અને પોલીસે તમામ ઘેટા- બકરાં ડીસાની જય જલારામ પાંજરાપોળમાં મુકવામાં આવ્યા હતા.

# ધાનેરામાં સ્વરછતાનાં ધજીયા ઉડી રહ્યા છે



ધાનેરા તા. ૧૨

ધાનેરા નગરપાલિકા માં બે વર્ષથી એસ આઈ તરીકે આવેલ કર્મચારી પોતાની મનમાની ચલાવી ધાનેરા ખાતે સ્વરછતા નાં નામે ધજીયા ઉડી રહ્યા છે. એક સમયે સ્વરછતા માં નંબર વન કહેવાતું ધાનેરા આજે ઠેર-ઠેર કચરાના ઠગ અને જ્યાં ત્યાં ગટરો ઉભરાઈ રહી છે. વળી વારંવાર આ એસ આઈ અન્ય શહેરોમાં ચાર્જ આપવામાં આવે છે અને ધાનેરા નગરપાલિકા સ્વરછતા નાં નામે બિલો બની રહ્યા છે તેવું લોકો દ્વારા જાણવા મળેલ છે. આ બાબતે વારંવાર ચીફ ઓફિસર ને જાણ કરેલ પરંતુ અધિકારીઓ નું પેટનું પાણી હલતું નથી. લોકો વેરા ભરી રહ્યા છે છતાં તેઓને સુવિધાઓ મળતી નથી? શું આવું જ ચાલશે ધાનેરા માં લોકો પુછી રહ્યા છે કે જીલ્લા કલેકટર તટસ્થ રહી એસ આઈ પર કાર્યવાહી કરે અને ધાનેરા ને સ્વચ્છ બનાવે તો તેવી લોકોની માંગ છે.

# હિંમતનગરના ગ્રાહકને ક્ષતિગ્રસ્ત મોબાઈલ આપતાં રૂા.૨૦ હજારનું વળતર ચૂકવવા સાબરકાંઠા ગ્રાહક તકરાર નિવારણ પંચનો આદેશ

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૧૧

હિંમતનગરના અશોકભાઈ રવિશંકર રાવલ દ્વારા હિંમતનગરના ન્યુ દુર્ગા બજારમાં આવેલ પાટીદાર મોબાઈલમાંથી સેમસંગ કંપનીનો મોબાઈલ તા.૨૪ જાન્યુઆરી-૨૦૨૦ના રોજ રૂા.૧૯,૯૯૯માં ખરીદ્યો હતો અને ૨-૩ મહિનામાં મોબાઈલમાં ખામી હોવાનું બહાર આવતાં દુકાનદાર તેમજ જવાબદાર કંપનીને ધ્યાન દોરવા છતાં લક્ષ આપ્યું ન હતું આખરે ગ્રાહક અરજદારે સાબરકાંઠાના મહેરબાન ગ્રાહક તકરાર પંચ સમક્ષ તા.૧૩-૧૦-૨૦૨૦ના રોજ ફરિયાદ દાખલ કરી હતી અને તેનો તાજેતરમાં ચૂકાદો આવતાં પાટીદાર મોબાઈલ(મેઈન), હિંમતનગરને તથા અન્યોને કામના ફરિયાદીને નવો મોબાઈલ પૂરો પાડવો અથવા વિકલ્પે મોબાઈલના અવેજની કિંમત રૂા.૧૯,૯૯૯ અરજી કર્યાની તારીખથી તે વસુલ આવે ત્યાં સુધીના ૯ ટકાના વ્યાજ દરથી ચૂકવી આપવા આદેશ કર્યો છે.

**પાટીદાર મોબાઈલ અને મિહીર સેલ્સ એન્ડ સર્વિસીસ તેમજ કંપની વિરૂદ્ધ કેસ દાખલ થયો હતો**

પ્રાપ્ત જાણકારી અનુસાર જિલ્લાના અનેક મોબાઈલ વિતરકો દ્વારા મોબાઈલ વેચ્યા પછી ગ્રાહકની કોઈ ફરિયાદ હોય તો સાંભળતા નથી અને ઉદ્ધત જવાબ આપતા હોય છે. પોતાની પસીનાની કમાણીમાંથી માંડ એન્ડ્રોઈડ મોબાઈલ ખરીદ્યો હોય અને તેમાં ટેકનિકલી ખામી આવતી હોય છતાં કોઈ સાંભળતું ન હોવાથી ગ્રાહકો નાસીપાસ થઈ જાય છે. પરંતુ કોઈ માથાનો મળે ત્યારે ખબર પડે કે ગ્રાહકોની ફરિયાદ ન સાંભળવાનું પરિણામ શું હોય છે. હિંમતનગરના પોલોગ્રાઉન્ડ વિસ્તારમાં આવેલી ઋષભદેવ સોસાયટીમાં રહેતા અશોક રવિશંકર રાવલે હિંમતનગરના પાટીદાર મોબાઈલમાંથી મોબાઈલ ખરીદ્યો હતો અને મોબાઈલ ખરીદ્યાના ૩ મહિના પછી ઈન્સ્ટ્રુમેન્ટમાં ખામી સર્જાવવાથી ઝડપથી ગરમ થઈ જવો, ચાર્જીંગ બરાબર ન થવું, મોબાઈલ એકાએક બંધ થઈ જવો અને થોડાક સમય પછી મોબાઈલ બેન્ડ થઈ ગયો હતો. જેથી ગ્રાહકે મોબાઈલ જ્યાંથી ખરીદ્યો હતો તે પાટીદાર મોબાઈલ તેમજ મિહીર સેલ્સ એન્ડ સર્વિસીસ-હિંમતનગર અને સેમસંગ ઈન્ડીયા ઈલેકટ્રોનિક પ્રા.લી.ન્યુદિલ્હીને આ અંગે લેખિત ફરિયાદ કરી હતી છતાં પણ ગ્રાહકની ફરિયાદ ઉપર કોઈ લક્ષ ન અપાતાં હારી-થાકીને ગ્રાહકે સાબરકાંઠાના મહેરબાન ગ્રાહક તકરાર નિવારણ પંચ સમક્ષ ફરિયાદ દાખલ કરી હતી જે ૧ વર્ષ અને ૧૧ મહિના પછી તેનો ચૂકાદો આવતાં ગ્રાહકનો વિજય થયો છે અને ગ્રાહકને નવો મોબાઈલ આપવો અથવા વિકલ્પમાં અવેજની કિંમત આપવી તેમજ માનસિક ત્રાસ પેટે રૂા.૧૫૦૦ અને દાવા અરજીના ખર્ચ પેટે રૂા.૧૫૦૦ દિન-૬૦માં ફરિયાદીને ચૂકવી આપવા આદેશ કર્યો છે.

### પ્રોજેક્ટ "Iraada" અને ફેઈથ ફાઉંડેશન દ્વારા

# અરવલ્લી જિલ્લાની ત્રણ હાઈસ્કૂલમાં ટોબેકો અને ડ્રગ્સ ફ્રી જનરેશન - તમાકુ અને માદક દ્રવ્ય મુક્ત શાળા અભિયાનનું આયોજન

ભિલોડા,તા.૧૨

ભારત એક યુવા રાષ્ટ્ર છે જેમાં લગભગ ૪૧% વસ્તી ૨૦ વર્ષથી ઓછી વયની છે (જનગણતરી ૨૦૧૧). ગ્લોબલ યુથ ટોબેકો સર્વે, ૨૦૧૯ ના ડેટા અનુસાર, ગુજરાતમાં હાલમાં લગભગ ૫.૪% યુવાનો તમાકુનો ઉપયોગ કરે છે. આ ઉપરાંત નેશનલ ડ્રગ યુઝ સર્વે ૨૦૧૯ પ્રમાણે ગુજરાત રાજ્ય ની ૮% વસ્તી ડ્રગ્સ અથવા દારૂ ના વ્યસની છે. તમાકુથી થતા મોઢાના કેન્સરમાં ભારત અને ખાસ કરીને ગુજરાત મોખરે છે.વિશ્વભરમાં તમાકુના સેવનથી દર વર્ષે લગભગ ૫.૪ મિલિયન લોકો મૃત્યુ પામે છે. તમાકુ એ વ્યસનની દુનિયાનું પ્રથમ પગથિયું છે. ૧,૬૫૦ કિલોમીટર લાંબો ગુજરાતનો દરિયાકિનારો આંતરરાષ્ટ્રીય ડ્રગના વેપાર માટે "ગેટવે" તરીકે ઓળખાય છે અને યુવાનો તેની લપેટ માં છે. પ્રોજેક્ટ **"Iraada"** એ ફેઈથ ફાઉન્ડેશન, બરોડાની યુવા પાંખ છે અને તેમાં અમદાવાદ ઈન્ટરનેશનલ સ્કૂલ, અમદાવાદના હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ, અયાન ભટ્ટ, માનિત ભટ્ટ, પરીશા દેસાઈ, હાઈમી કોઠારી, અર્થ ઠક્કર અને કાવ્યા શાહ નો સમાવેશ થાય છે, જેઓ માદક દ્રવ્યોના દુરૂપયોગ સામે જાગૃતિ લાવવા અને તેની સામે



લડવા ની ચળવળ શરૂ કરી છે. આ ટીમ "હોપ ઓવર ડોપ"ના અવતરણ દ્વારા જીવે છે. પ્રોજેક્ટ "Iraada" ના ફાઉન્ડર અને ફેઈથ ફાઉન્ડેશન ના ગુજરાત રાજ્ય ના યુવા લીડર શ્રી અયાન ભટ્ટ નું કહવું છે કે "અમારો ઉદ્દેશ્ય ભારત સરકાર દ્વારા નિર્ધારિત માર્ગદર્શિકાનો અમલ કરવાનો અને તમાકુ અને માદક દ્રવ્ય મુક્ત પેઢી બનાવવાનો છે". અરવલ્લી જિલ્લા ની ત્રણ હાઈ સ્કૂલ, માતૃશ્રી એચ. જે. હાઈસ્કૂલ, મઉ,શેઠ શ્રી ડાહ્યાલાલ પુંજીરામ શાહ હાઈસ્કૂલ, મુનાઈ અને જે. એમ. તન્ના હાઈસ્કૂલ, વાંકાનેરમાં ફેઈથ ફાઉન્ડેશનના સ્વયંસેવકો તથા પ્રોજેક્ટ **"Iraada"** ના ૧૫-૧૬ વર્ષિય બાળકોએ સહઉંમર ૧૮૦૦ થી પણ વધુ બાળકો ની સાથે તમાકુની અને ડ્રગ્સ ની હાનિકારક અસરો, સરકારી અધિનિયમ; વિડિયો અને અર્થપૂર્ણ સંવાદ દ્વારા સમજાવ્યા હતા. તેઓ એ આ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓને માદક દ્રવ્ય-દુરુપયોગ મુક્ત જીવન જીવવાની પ્રતિજ્ઞા પણ લેવડાવી હતી.

# અરવલ્લી : ગવર્મેન્ટ ઓફ ઈન્ડિયાનું સ્ટીકર ચોંટાડી મહિન્દ્રા કેમ્પરમાં દારૂની હેરાફેરી

### ૬૮ બોટલ દારૂ સાથે બે ખેપીયાને ઝડપ્યા

મોડાસા, તા. ૧૨

અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર સતત બુટલેગરોની ખેપ નિષ્ફળ બનાવી રહી છે બુટલેગરો વિવિધ વાહનો મારફતે નિતનવા નુસ્ખા અપનાવી રહ્યા છે શામળાજી પોલીસે રતનપુર ચેકપોસ્ટ પરથી ઓન ડ્યુટી એન.એચ.એસ.આર.સી.એલ ગવર્મેન્ટ ઓફ ઈન્ડિયા લખેલી મહિન્દ્રા કેમ્પર કારમાંથી ૨૭ હજારથી વધુનો વિદેશી દારૂ સાથે બે બુટલેગરોને દબોચી લઈ કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી. શામળાજી પીએસઆઈ વી.વી.પટેલ અને તેમની ટીમે અણસોલ ગામની સીમમાં રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથધરતાં શંકાસ્પદ ઝડપ સાથે પસાર થતી મહિન્દ્રા કેમ્પર ગાડીને અટકાવી તલાસી લેતા પાછળના ભાગેથી વિદેશી દારૂ-બિયર ટીન નંગ-





૬૮ કીં.રૂ.૨૭૬૬૦/- નો જથ્થો મળી આવતા પોલીસ ચોંકી ઉઠી હતી મહિન્દ્રા કેમ્પર ગાડીના ચાલક નેમારામ હેમારામ જાટ અને રામસ્વરૂપ દાનારામ જાટ (બંને,રહે.રાજસ્થાન) ને ઝડપી પાડી વિદેશી દારૂ, મોબાઈલ અને કેમ્પર ગાડી મળી રૂ.૩.૩૧ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી બંને આરોપીઓ સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા

# શ્રવણ સુખધામ સંસ્થા દ્વારા સાહિત્યકાર રાજભા ગઢવીનું સન્માન કરાયું...

ગાંભોઈ, તા.૧૨

હિંમતનગર તાલુકાના પુનાસણ ગામે શ્રવણ સુખધામ સંસ્થા ખાતે લોકસાહિત્યકાર રાજભા ગઢવીએ શુભેચ્છા મુલાકાત લઈ સંસ્થા દ્વારા ચાલતા અબોલા જીવ સેવાયજ્ઞ, વિહંગનો વિસામો તેમજ અન્ય સેવાકીય પ્રવૃતિઓને બિરદાવી હતી. આ પ્રસંગે સંસ્થાના સ્થાપક ઈન્દુબેન પ્રજાપતિ તેમજ આર.સી.સેલ્સ ગ્રુપ દ્વારા રાજભા ગઢવીને સાલ અને સન્માનપત્ર આપી સન્માનિત કરાયા હતા. આ કાર્યક્રમમાં હાસ્ય કલાકાર કમલેશ પ્રજાપતિ ખાસ ઉપસ્થિત રહી સંસ્થાના સેવાયજ્ઞને બિરદાવ્યો હતો. આ પ્રસંગે હિરેનભાઈ પ્રજાપતિ તેમજ ભાવેશભાઈ પ્રજાપતિ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

